# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-02-2025** **Evening: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

### આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1) ભારત અને કતારે વેપાર, ઉર્જા, રોકાણ, નવીનતા, ટેકનોલોજી સહિતના ક્ષેત્રોમાં વ્યૂહાત્મક ભાગીદારી આગળ વધારવાનો નિર્ણય કર્યો
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં જમ્મુ-કાશ્મીરમાં નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠક યોજાઇ
3) ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં ભાજપની જીત
4) બોલિવિયામાં ખીણમાં બસ ખાબકતા 30 લોકોના મોત
5) મહિલાઓ માટેની ક્રિકેટ પ્રીમિયર લીગમાં, આજે વડોદરામાં મુંબઈ ઈન્ડિયન્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે મુકાબલો

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# QATAR-AMIR VISIT

ભારત અને કતારે વેપાર, ઉર્જા, રોકાણો, નવીનતા, ટેકનોલોજી, ખાદ્ય સુરક્ષા, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરીને વ્યૂહાત્મક ભાગીદારી સુધી સંબંધોને આગળ વધારવાનો નિર્ણય કર્યો. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કતારના આમીર શેખ તમિમ બિન હમદ અલથાની વચ્ચેની વાતચીત દરમિયાન, બંને નેતાઓએ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું. બંને દેશોએ આજે નવી દિલ્હીમાં બે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા.

આ સમજૂતી કરાર બંને રાષ્ટ્રો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપવા, બેવડા કરવેરા ટાળવા અને કરચોરી અટકાવવા સંબંધિત છે.

# SHAH JK CRIMINAL LAW

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં જમ્મુ-કાશ્મીરમાં નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે નવી દિલ્હીમાં સમીક્ષા બેઠક યોજાઇ. બેઠકમાં જમ્મુ-કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને વરિષ્ઠ અધિકારી ઉપસ્થિત રહ્યા. બેઠકમાં જમ્મુ-કાશ્મીરમાં પોલીસ, જેલ, કાર્યવાહી અને ન્યાયસહાયક સંબંધિત વિવિધ નવી જોગવાઈના અમલીકરણ અને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરાઇ. બેઠક બાદ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ માહિતી આપી.

(બાઇટ: ઓમર અબ્દુલ્લા- મુખ્યમંત્રી -જમ્મુ-કાશ્મીર)

# LOCAL BODY ELECTION RESULSTS

ગુજરાતમાં 16મી ફેબ્રુઆરીએ યોજાયેલી જૂનાગઢ મહાનગર પાલિકા અને 66 નગરપાલિકા તેમજ તાલુકા અને જીલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપનો વિજય થયો છે.. ભાજપે 60 જેટલી નગરપાલીકામાં જીત મેળવી છે જ્યારે કોંગ્રેસને એક અને સમાજવાદી પાર્ટીને બે નગરપાલિકામાં વિજય મળ્યો છે. ત્યારે જીત બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં ગુજરાત ભાજપાના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે આ પરિણામોને મતદારોનો વિજય ગણાવ્યો હતો

**(બાઇટ: સી આર પાટીલ)**

જ્યારે કોંગ્રેસના ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે આ પરિણામોથી નિરાશ થયા નથી પણ વધુ મહેનત કરવાની જરૂરીયાત હોવાનું જણાવ્યું હતું

**(બાઇટ: શક્તિસિંહ)**

જૂનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણીમાં પણ ભાજે 60માથી 48 બેઠકો મેળવીને જૂનાગઢ મહાનગર પાલિકામાં ફરી વખત સત્તા હાંસલ કરી છે.

# MP - NAKSHA PROGRAM

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે કેન્દ્ર દરેક વર્ગના હિતમાં કામ કરી રહ્યું છે, જેના કારણે નાગરિકોના જીવનમાં મોટો ફેરફાર આવ્યો છે. શ્રી ચૌહાણ આજે મધ્યપ્રદેશના રાયસેનમાં રાષ્ટ્રીય ભૂ-અવકાશી જ્ઞાન-આધારિત જમીન સર્વેક્ષણ-નકશાનો શુભારંભ પ્રસંગે આ મુજબ જણાવ્યું હતું. શ્રી ચૌહાણે કહ્યું કે નકશા કાર્યક્રમ મિલકતનો નકશો બનાવશે અને મિલકતના રેકોર્ડ સુધારવામાં મદદ કરશે. દરમિયાન, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે કહ્યું કે નકશા પ્રોજેક્ટમાં જમીનના રેકોર્ડ સુધારવામાં આવશે.

નકશા પ્રોજેક્ટનો ઉદ્દેશ આધુનિક ટેકનોલોજી અને ડિજિટલ માધ્યમો દ્વારા નાગરિકોને તેમના જમીનના રેકોર્ડની સરળ અને સુરક્ષિત માહિતી પ્રદાન કરવાનો છે.

# PUDUCHERRY - NAKSHA PROJECT

રાષ્ટ્રીય ભૂ-અવકાશી જ્ઞાન આધારિત શહેરી આવાસ જમીન સર્વે-નકશા પ્રોજેક્ટ અંતર્ગત, પુડુચેરીમાં ડ્રોનનો ઉપયોગ કરીને આધુનિક જમીન સર્વેક્ષણ શરૂ કરાયું. મુરુંગપક્કમ ગામમાં મુખ્યમંત્રી એન. રંગાસ્વામીએ આ પાયલોટ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું. પ્રક્રિયાઓ અંતિમ રૂપ આપ્યા બાદ ભૂ-અવકાશી માહિતી અને મિલકત કરની માહિતી સાથે સંકલિત જમીન દસ્તાવેજો જમીન માલિકોને પૂરા પાડવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# GOVT - RURAL GRANT

કેન્દ્ર સરકારે પંજાબ, ઉત્તરાખંડ અને છત્તીસગઢમાં ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ માટે પંદરમા નાણા પંચની ગ્રાન્ટમાંથી 562 કરોડ રૂપિયાથી વધુની ગ્રાન્ટ ફાળવી છે. પંચાયતી રાજ મંત્રાલયે જણાવ્યું કે પંચાયતી રાજ સંસ્થાઓ અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને આપવામાં આવતી આ ગ્રાન્ટ લોકશાહીને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે. મંત્રાલયે જણાવ્યું કે ગ્રામીણ શાસનને મજબૂત બનાવવા માટે 2024-25 દરમિયાન પંજાબને 225 કરોડ રૂપિયાથી વધુ, છત્તીસગઢને 244 કરોડ રૂપિયાથી વધુ અને ઉત્તરાખંડને 93 કરોડ રૂપિયાથી વધુ રકમ મળી છે.

# BJP - LEGISLATIVE PARTY MEETING

દિલ્હી વિધાનસભાના ભાજપના ધારાસભ્ય દળની બેઠક આવતીકાલે નવી દિલ્હીમાં યોજાશે. આ બેઠકમાં ભાજપના તમામ નવા ચૂંટાયેલા ધારાસભ્યો અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓ ભાગ લેશે. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં દિલ્હીના આગામી મુખ્યમંત્રીનું નામ નક્કી થવાની શક્યતા છે. મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારોહ ગુરુવારે રામલીલા મેદાનમાં યોજાવાની શક્યતા છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે 70માંથી 48 બેઠકો જીતી છે.

# DELHI-HAJJ

લઘુમતી બાબતોના મંત્રી કિરણ રિજિજુએ આજે જામિયા મિલિયા ઇસ્લામિયા વિશ્વવિદ્યાલય ખાતે હજ યાત્રાળુઓ માટે આયોજિત ફિટનેસ જાગૃતિ કાર્યક્રમમાં ભાગ લીધો. દરમિયાન શ્રી રિજિજુ હજ યાત્રીઓ સાથે પદયાત્રા કરીને તેમને મક્કા અને મદીનાની યાત્રા માટે શુભકામનાઓ પાઠવી. મીડિયા સાથે વાત કરતા શ્રી રિજિજુએ કહ્યું, સરકાર હજ યાત્રાળુઓ માટે વિવિધ સુવિધાઓ પૂરી પાડી રહી છે.

(બાઇટ: કિરણ રિજિજુ - લઘુમતી બાબતોના મંત્રી)

# CBI-CYBERCRIME SEARCHES

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન-CBI એ 2021 થી જર્મન નાગરિકોને નિશાન બનાવી રહેલા સાયબર ક્રાઇમ નેટવર્કને ખતમ કરવા કાર્યવાહી કરી છે. આ સંદર્ભમાં, CBI એ 14 થી 17 ફેબ્રુઆરી દરમિયાન દિલ્હી, કોલકાતા અને સિલિગુડીમાં છ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જર્મન અધિકારીઓ સાથે ગાઢ સંકલનમાં ચાલી રહેલા ઓપરેશન ચક્ર-4 ના ભાગરૂપે આ કાર્યવાહી કરાઇ હતી. દરોડા દરમિયાન, એજન્સીએ સિલિગુડીમાં એક આરોપીની ધરપકડ કરી. દરોડામાં 7 મોબાઇલ ફોન, 1 લેપટોપ અને ગુનાહિત દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા. CBI એ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં આરોપી દ્વારા સંચાલિત ગેરકાયદેસર કોલ સેન્ટર પણ શોધી કાઢ્યું હતું. આ દરમિયાન, ડિજિટલ પુરાવા ધરાવતી કમ્પ્યુટર સિસ્ટમની 24 હાર્ડ ડિસ્ક જપ્ત કરાઇ હતી.

# MAHARASHTRA - CABINET

મહારાષ્ટ્ર મંત્રીમંડળે આજે નાર્કોટિક્સ વિરોધી ટાસ્ક ફોર્સમાં 346 નવા પદો અને છઠ્ઠા રાજ્ય નાણાં પંચની સ્થાપનાને મંજૂરી આપી છે. મંત્રીમંડળે સાંગલી જિલ્લામાં મ્હૈસાલ લિફ્ટ સિંચાઈ યોજનાની ઉર્જા કાર્યક્ષમતા સુધારવા માટે 1 હજાર 594 કરોડ રૂપિયાના સૌર ઉર્જા પ્રોજેક્ટને મંજૂરી આપી. આ પ્રોજેક્ટ દ્વારા દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં એક લાખ 8 હજાર એકસો 97 હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે.

# BOLIVIA-BUS CRASH

બોલિવિયામાં એક બસ અકસ્માતમાં 30 લોકોના મોત થયા છે. દક્ષિણ-પશ્ચિમ યોકાલા જિલ્લામાં 800 મીટર ઊંડી ખીણમાં બસ ખાબકતા અકસ્માત સર્જાયો હતો. સરકારી આંકડા અનુસાર, દેશમાં દર વર્ષે સરેરાશ 1 હજાર 400 લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે.

# WPL CRICKET

મહિલાઓ માટેની ક્રિકેટ પ્રીમિયર લીગમાં, આજે વડોદરામાં મુંબઈ ઈન્ડિયન્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. મુંબઈ ઈન્ડિયન્સે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ગુજરાત જાયન્ટ્સના ............. ઓવરમાં ........ વિકેટે.............રન થયા છે.

# WAVES-TRAILER MAKING

વેવ્ઝ ટ્રેલર મેકિંગ સ્પર્ધા માટે નોંધણી પ્રક્રિયા ચાલી રહી છે. આ સ્પર્ધા મહત્વાકાંક્ષી ફિલ્મ નિર્માતાઓને Netflix ની કન્ટેન્ટ લાઇબ્રેરીનો ઉપયોગ કરીને આકર્ષક ટ્રેલર બનાવવાની તક આપે છે. વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ - વેવ્ઝ ખાતે ક્રિએટ ઇન ઇન્ડિયા ચેલેન્જના ભાગરૂપે, આ સ્પર્ધા સહભાગીઓને નવા દ્રષ્ટિકોણથી પ્રતિષ્ઠિત દ્રશ્યો રજૂ કરવા માટે પ્રોત્સાહિત કરશે.

વિડીયો સંપાદન, ફિલ્મ નિર્માણ અથવા સામગ્રી નિર્માણમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ અને ફિલ્મ નિર્માતાઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. સ્પર્ધામાં ભાગ લેવા માટે અરજદારોની ઉંમર ઓછામાં ઓછી 18 વર્ષની હોવી જોઈએ. માહિતી અને પ્રસારણ મંત્રાલયે માહિતી આપી છે કે 15 ફેબ્રુઆરી સુધીમાં, વિશ્વભરમાંથી કુલ 3 હજાર 313 સહભાગીઓએ સ્પર્ધા માટે નોંધણી કરાવી છે. આ નોંધણી 31 માર્ચે બંધ થશે. વેવ્ઝ સમિટ 1 થી 4 મે દરમિયાન મુંબઈમાં યોજાશે.